## કમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ પરીક્ષા તાલીમ અંગે

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્રક્રમાંક : પરચ-102005-1532

સચિવાલય, ગાંધીનગર, તા. 5-5-2007

વંચાણે લીધા : (1) સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું ક્રમાંક : જીએસ-2006-31-પતપ-102005-1519-ક, તા. 30-9-'06.

(2) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવક્રમાંક : પરચ-102005-1532-ક, તા. 30-9-'06.

(3) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવક્રમાંક : પરચ-102006-383-ગ-2-આર.આર.સેલ., તા. 5-2-'07

(4) સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું ક્રમાંક : જીએસ-2007-08-પતપ-102005-1519-ક, તા. 10-4-'07.

પરિપત્ર :

વંચાણે લીધેલા ક્રમાંક-(1) પરના તા. 30-9-'06ના જાહેરનામા અન્વયે રાજ્યસરકારે વર્ગ-1, વર્ગ-2 અને વર્ગ-3માં સીધી ભરતીથી / બઢતીથી નિયુક્તિ માટે કમ્પ્યુટર જાણકારી ફરજિયાત બનાવતાં, કમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો બહાર પાડેલા છે તથા કમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા કાર્યપદ્ધતિ ઉક્ત ક્રમાંક-(2)ના ઠરાવ અન્વયે બહાર પાડેલી છે. આ જોગવાઈઓ રાજ્ય સેવા, પંચાયત સેવા તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન સહિત તમામ અધિકારીઓ / કર્મચારીઓને સમાન ધોરણે લાગુ પડે છે.

2. અલબત્ત ઉક્ત નિયમોના નિયમ-9(2) હેઠળ તા. 1-10-'06 થી પ્રથમ છ માસના સમય માટે અપાતી બઢતીમાં કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ સ્તરની પરીક્ષા પાસ કરી લેવાની શરતે બઢતી આપી શકવાની જોગવાઈ કરાયેલ હતી.

3. આ છૂટછાટ લંબાવવાની કેટલીક રજૂઆતો સરકારને પ્રાપ્ત થઈ હતી. શરતી બઢતી અપાયેલા પૈકી કેટલાંક દ્વારા ઉક્ત પરીક્ષા સમયસર ઉત્તીર્ણ ન કરી શકાઈ હોવાના પણ કિસ્સા છે અને બઢતીપાત્ર અધિકારીઓ / કર્મચારીઓ પૈકીના કેટલાંક સંબંધિત પરીક્ષા ઉત્તીર્ણ કરી શક્યા નથી. આ સર્વ બાબતોને ધ્યાનમાં લઈને કાળજીપૂર્વકની વિચારણા બાદ રાજ્યસરકારે C.C.C. / C.C.C.+ પરીક્ષા ઉત્તીર્ણ કરવાની શરતે બઢતી આપવાની ઉક્ત જોગવાઈ તા. 31-12-2007 સુધી લંબાવવા અંગેનો નિર્ણય કરેલ છે અને તે અંગેના હુકમો વંચાણે લીધેલા ક્રમાંક-(4) પરના જાહેરનામા અન્વયે બહાર પાડેલા છે.

કમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા / તાલીમ સર્વ બઢતી માટે ફરજિયાત હોવાથી બઢતીને પાત્ર કર્મચારી અગ્રતા ક્રમે પરીક્ષા ઉત્તીર્ણ કરી શકે તે જરૂરી છે. સરકારની સ્પષ્ટ સૂચનાઓ છતાં સંવર્ગ સંચાલક સત્તા દ્વારા અગ્રતા ક્રમને ધ્યાનમાં રાખ્યા વિના પરીક્ષા / તાલીમ સંસ્થાને બહોળી સંખ્યામાં તાલીમાર્થીઓની યાદીઓ મોકલી અપાઈ છે. જેથી પડતર અરજીઓની પ્રતિક્ષા યાદી થઈ છે. આવી સ્થિતિ નિવારવા અને પરીક્ષા / તાલીમનું યોગ્ય રીતે આયોજન થાય તે માટે નીચે જણાવેલી વિશેષ સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :

(1) પ્રથમ તબક્કે જે અધિકારીઓ / કર્મચારીઓ ચાલુ વર્ષમાં શરતી બઢતી મેળવેલા છે અને પરીક્ષા પસાર કરવાની બાકી છે તેની યાદી, પછી ચાલુ વર્ષે બઢતી પાત્ર હોય તથા ચાલુ વર્ષમાં ઉચ્ચતર પગારધોરણને પાત્ર બનતા હોય તેઓ પૂરતી જ અગ્રતા યાદીઓ તૈયાર કરવાની રહેશે. આ અગ્રતા યાદી પૂર્ણ થયે ક્રમ (5) મુજબની બાકી અગ્રતા મુજબ યાદી મોકલવાની રહેશે.

(2) અગ્રતા યાદી, બઢતી-ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરનાર સત્તા કચેરી માત્ર જ મોકલી શકશે.

(3) અગ્રતા યાદી આઈ.ટી.આઈ.ના મુખ્ય કેન્દ્રને તથા તેની નકલ સંબંધિત કર્મચારીના નોકરીના સ્થળ નજીકના કેન્દ્ર સંચાલકને મોકલવાની રહે છે, સંબંધિત કર્મચારીઓને પણ તેની નકલ આપવાની રહેશે.

(4) તાલીમ સંસ્થાને પરીક્ષા / તાલીમ માટે નામ મોકલવાના પત્રમાં સંબંધિત અધિકારી / કર્મચારીને જે કારણોસર અગ્રતા આપવાની થતી હોય જેમ કે, ચાલુ વર્ષમાં બઢતીપાત્ર, ઉચ્ચતર પગારધોરણ પાત્રતા, મહિનો વગેરે અંગેનો સ્પષ્ટ નિર્દેશ કરવાનો રહેશે.

(5) બઢતી આપવા અંગેની કાર્યવાહી શરૂ કરવા સક્ષમ સત્તાની મંજૂરી મળે કે તુરત જ બઢતીપાત્ર કર્મચારીઓ / અધિકારીઓની યાદી તાલીમ સંસ્થાને આ અંગેના સ્પષ્ટ નિર્દેશ સાથે મોકલવાની રહેશે. આવા અધિકારીઓને જરૂર હોય તો સમયસર તાલીમ મળી રહે અને / અથવા સમયસર પરીક્ષા પસાર કરે તે માટે તાલીમ સંસ્થા સાથે સંકલન કરી તે અંગેની જરૂરી વ્યવસ્થા કરાય તેની જવાબદારી બઢતી, ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરનાર સત્તા, સંબંધિત વિભાગ / ખાતાના વડાની કચેરીની છે.

(2) ઉચ્ચતર પગારધોરણને પાત્ર થઇ ચૂકેલા
(3) ચાલુ વર્ષમાં બઢતીને પાત્ર
(4) ચાલુ વર્ષમાં ઉચ્ચતર પગારધોરણને પાત્ર
(5) પસંદગી યાદીના અન્ય કર્મચારીઓ / અધિકારીઓ
(6) બઢતી માટે વિચારણાના ક્ષેત્રમાં આવતા કર્મચારીઓ
(7) અન્ય

4. ઉક્ત અગ્રતા નામો ઉપલબ્ધ ન હોવાના સંજોગોમાં જ અન્ય કર્મચારીઓને તાલીમ / પરીક્ષા આપવાનું નક્કી કરવાનું રહેશે. અલબત્ત સ્પીપા, નિયામકશ્રી, રોજગાર અને તાલીમના મુખ્ય કેન્દ્રને મોકલાયેલા નામોની અગ્રતા જ સ્વીકારાય તે જોવાનું રહેશે.

5. તા. 31-12-'07 સુધીમાં કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી આપવાના કિસ્સામાં, તા. 30-9-'06ની સૂચનાઓમાં દર્શાવ્યા મુજબ ખાતાકીય બઢતી સમિતિની કાર્યવાહી નોંધમાં તથા બઢતી આપતા હુકમોમાં આ અંગેની તથા નિશ્ચિત સમયમર્યાદામાં સંબંધિત કાર્યવાહી નોંધમાં તથા બઢતી આપતા હુકમોમાં આ અંગેની તથા નિશ્ચિત સમયમર્યાદામાં સંબંધિત પરીક્ષા પસાર ન કરી શકે તો તેમને રીવર્ટ કરવાના રહેશે તેવી સ્પષ્ટ જોગવાઈ દર્શાવવાની રહેશે. બઢતી અપાયેલ કર્મચારી / અધિકારી તા. 31-12-'07 સુધીમાં પરીક્ષા પાસ ન કરી શકે તેવી પરિસ્થિતિ ન સર્જાય તેની કાળજી સંબંધિત વિભાગ / ખાતાના વડાએ રાખવાની રહેશે.

6. કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે, પરંતુ તે માટે તાલીમ ફરજિયાત નથી. આથી તાલીમ સંસ્થાઓએ સપ્તાહમાં ઓછામાં ઓછું એકવાર પરીક્ષાનું આયોજન કરી (તાલીમના દિવસો સિવાય) જે અધિકારી / કર્મચારીઓ તાલીમ લીધા વિના સીધી પરીક્ષા આપવા માગતા હોય તેઓની પરીક્ષા લેવાનું આયોજન કરવાનું રહેશે. આ અંગેની વિગતો પણ વેબસાઇટ ઉપર મૂકવાની રહેશે.

7. કમ્પ્યુટર કૌશલ્ય અંગેની C.C.C/C.C.C+ પરીક્ષા સંદર્ભે આ અગાઉ તા. 30-9-'07 ના નિયમોની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીનાક હુકમથી અને તેમના નામે,

સહી, મનોજ ઓઝા
નાયબ સચિવ, સા. અને વ. વિભાગ